No. 123

તા.૧૯-૦૭-૨૦૨૨

વોર્ડ નં. :- ૦૨

# રાજકોટ મહાનગરપાલિકા
## (બાંધકામ પરવાનગી)

કસ્તુરી એન્ટરપ્રાઇઝના (ઇસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન, વેસ્ટ ઝોન)

શ્રી ભાગી. કા. આશાબભાઈ જી. મહેતા તથા બી. ઠે. વર્ધમાન નગર, ઇંટેશ્વર

તમોને કોર્પોરેશનની હદમાં ઇંટેશ્વર - ૨૭૦/પૈ૩ પૈ૨ પૈ ૨, TP- 35/3, FP- ૪૯/૨ પ્લોટ - ૨

આવેલ ખાનગી માલીકીની જગ્યામાં નીચે જણાવેલ વિગતો બાંધકામ કરવા પરવાનગી આપવામાં આવે છે.

રહેણાક હેતુ હાઇરાઇઝ (Dwelling-3) પ્લાન.

સામેલ પ્લાનમાં લાલ રંગ રેખાથી દર્શાવ્યા મુજબનું બાંધકામ.

Tower - A-B-C-D

Basement: કવર્ડ પાર્કિંગ, આઠ સીડી, આઠ લીફ્ટ, ચાર ફાયર લીફ્ટ, ચાર પેસેજ તથા રેમ્પનું બાંધકામ

Ground: કવર્ડ વાઝીટર પાર્કિંગ, કવર્ડ પાર્કિંગ, બે સીડી, બે લીફ્ટ, ફાયર લીફ્ટ તથા પેસેજનું બાંધકામ

1st to 14th Floor: લીવીંગ, ડાયનીંગ, કિચન, ત્રણ બેડરૂમ, ત્રણ ટોયલેટ, ડબલ્યુ.સી., વોશ/રીફ્યુજ એરીયા, બાલ્કની/રીફ્યુજ એરીયા એવા ચાર યુનીટ તથા સીડી, બે લીફ્ટ, ફાયર લીફ્ટ તથા પેસેજનું બાંધકામ

Terrace Floor: સીડીરૂમ તથા પેસેજનું બાંધકામ તથા ટેરેસ.

શરતો

૧) રીયલ એસ્ટેટ (રેગ્યુલરાઇઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ની કલમ-૩ની જોગવાઇ મુજબ, રાજ્યમાં કોઇપણ વિકાસકાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે પ્લોટ, એપાર્ટમેન્ટ, અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટિંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી, રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી.

૨) ફાયર બ્રિગેડ શાખાના એન.ઓ.સી.નં. RMC/RFES/ Revised Residential Pro. NOC/No. 1634/ 2022. Date- 24/03/2022 ની શરતોને આધિન.

૩) એરપોર્ટ ઓથોરીટી એન.ઓ.સી. આઇડી. RAJK/WEST/B/020922/653596, Date. 04/03/2022 ને આધિન રહેશે.

૪) એનવાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટી નં. SEIAA/GUJ/EC/8(a)/1539/2022, Date. 31/05/2022 ને આધિન

૫) અરજદારશ્રીએ સ્થાનીક બોરરીચાર્જ તથા સોલાર વોટર હીટીંગ સીસ્ટમ તથા C.F.L. પ્રોવાઇડ કરવાના રહેશે

૬) નગર રચના અધિકારીશ્રીના અભિપ્રાય નં. નરયો નં. 35/3 (ઇંટેશ્વર-પરાપીપળીયા)/ઓ.પી.નં. ૪૯/અભિપ્રાય/૧૫૦, તા: ૦૯/૦૨/૨૦૨૨ ની શરતોને આધિન રહેશે.

૭) મુસદ્દારૂપ નગર રચના યોજના નં. 35/3 (ઇંટેશ્વર-પરાપીપળીયા) અંતીમ થયે સરકારશ્રી દ્વારા થતા ફેરફાર અરજદારને બંધનકર્તા રહેશે.

ધી ગુજરાત પ્લા. એન્ડ અર્બન ડેવ. એકટ ૧૯૭૬ તથા બોમ્બે પ્રો. મ્યુનિ. કોર્પોરેશન એકટ ૧૯૪૯ અન્વયે ઈમારત બાંધવા સંબંધી કોર્પોરેશનના પેટા કાયદા તથા વખતો વખત કોર્પોરેશન જે કાંઈ અધિનિયમો (રેગ્યુલેશન) અમલમાં મુકશે તેને આધીન રહીને બાંધકામ કરવાનું છે અને બાંધકામ પુરૂં થયે મકાન વપરાશ માટે દાખલો કે ભોગવટા પરવાનગી સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

આ પરવાનગી અનુસાર બાંધકામ કરવાથી કોઈના હકકને બાધ આવશે અથવા સરકારી કે કોર્પોરેશનમાં કોઈ પેટા કાયદા અધિનિયમો, કે નિયમોનું ઉલ્લંઘન થશે તો તે માટે તમારી જવાબદારી રહેશે.

શ્રી કમિશ્નર સાહેબનાં હુકમનાં R.M.C./G.A.D./No. 488 Dt. 07-02-2009 થી મળેલ સત્તાના આધારે પરવાનગી આપવામાં આવે છે.

ડેવ. સા. ઈ. નં. ૩૨૫

રાજકોટ. તા. ૨૨/૦૩/૨૨

પરવાનગી તૈયાર કરનાર કારકુન

A. M. Chavda

આસી. ટાઉન પ્લાનર

રાજકોટ મહાનગરપાલિકા

**(શરતો માટે પાછળ જુઓ)**

૧) નકલ રવાના :- વેરા વસુલાત શાખા, રાજકોટ મહાનગરપાલિકા

જગ્યા રોકાણ ફી પેટેના રૂા. ૩,૯૫,૧૨૫ /- પહોંચ નં. ૯૭૬૭ તા. ૧૮/૦૭/૨૨

પરવાનગી ફીના રૂા. ૨૫/- પહોંચ નં. ૯૨૨૫૮ તા. ૧૯/૦૭/૨૨ થી ભરેલ છે.

**ખાસ શરતો ::-**

૧. વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર વિકાસ શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ ફોર્મનં.૨(ડી) નું એનેક્ષર, સ્ટ્રકચરલ ડ્રોઈંગ્સ, વર્કીંગ ડ્રોઈંગ્સ તથા સોઈલ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયામાનુસાર રજુ કરવાના રહેશે.

૨. બાંધકામના દરેક તબકકે ફોર્મ નં. ૬ (એ) થી ૬ (ડી) માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૩. જી.ડી.સી.આર. ની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯–૫–૨૦૦૧ ના સ્ટ્રકચર સેફટી અંગેના હુકમના વિનિયમ નં. ૩ અનુસાર બાંધકામના સ્થળ ની જરૂરીયાતોની જોગવાઈઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરૂ કરવાનું રહેશે.

૪. સેપ્ટી ટેંક તથા સોકવેલની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈ.એસ.૨૪૭૦) તથા સિવિલ એન્જીનીયરીંગ હેન્ડ બુક બાય – ખન્ના મુજબ ડ્રેનેજ લે–આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કીટેકટ/ઈજનેર/સ્ટ્રકચરલ એન્જીનીયર/કલાર્ક ઓફ વર્કસ / સ્રાઈટ સુપરવાઈઝર/ડેવલપર્સ/જમીનના માલિકની રહેશે.

૫. વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેંટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

૬. બાંધકામ પૂર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરૂ કરતા પહેલા નિયમાનુસાર અત્રેથી બાંધકામનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે.

**શરતો ::-**

૧. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઈસમના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકશે અને મહાનગરપાલિકાના તેવા કૃત્યને લીધે જે નુકશાન, ખોટ કે હરકત થાય તે બદલ કોઈપણ વળ તર કે બદલો મળશે નહિં.

૨. આ પરવાનગીના કારણે અરજદારને માલિકી, જમીનની હદ તથા જમીનના વિસ્તાર / ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી પરંતુ બાંધકામ અંગેની મંજુરી આપવામાં આવે છે.

૩. મુસદારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમખંડની હદ, માપ, ક્ષેત્રફળ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રી દ્વારા ફેરફારને પાત્ર છે.

૪. વખતો વખત શહેરી વિકાસ સતામંડળ તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક, હિતસંબંધ ધરાવતી વ્યકિત / સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

૫. સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ વ્યકિત બદલાય તો નવા જમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યકિતની નિમણૂંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર. ના વિનિયમ ૫.૨ મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહુ સમય દરમ્યાન થયેલ બાંધકામ બીનઅધિકૃત ગણાશે.

૬. સરકારશ્રીના તા.૨૯–૫–૨૦૦૧ ના સ્ટ્રેકચરલ સેફટી અંગેના એનેક્ષરના વિનિયમ ૧૩,૧૪,૧૫ ની જોગવાઈ અનુસાર ભૂકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઈમારતી માલ સામાનની ગુણવતા અને તેની ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાંતોની સલાહ સૂચન મુજબ પગલાં લેવાની તમામ જવાબદારી આર્કિટેકટ/ઈજનેર/સ્ટ્રકચરલ એન્જીનીયર / કલાર્ક ઓફ વર્કસ / સુપરવાઈઝર / ડેવલપર્સ / જમીન માલીકની રહેશે.

૭. આ વિકાસ પરવાનગી પત્ર મંજુરી આપ્યા તારીખથી બાર માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ–૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદત વધારવાની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૮. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ – ૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો મહાનગરપાલિકા આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકશે.

૯. જી.ડી.સી.આર. ના વિનિયમ ૩.૮ મુજબ અરજદારશ્રીએ ખોટી રજુઆત અથવા ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

**સામાન્ય શરતો ::-**

૧. કવર્ડ/ઓપન પાર્કિંગ તથા માર્જીનલસ્પેશ ગ્રાઉન્ડ લેવલ(+0.0) રાખવાના રહેશે. તથા તેમાં અત્રેથી પૂર્વમંજુરી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારનો ફેરફાર કે બાંધકામ કરી શકાશે નહિ તથા તેનો ઉપયોગ સંયુકત રીતે કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે પરવાનગી આપવામાં આવેલ છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે અન્ય હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે તો પરવાનગી આપોઆપ રદ ગણાશે.

૩. સેલરનું ખોદકામ કરતા સમયે આજુબાજુની મિલ્કતને નુકશાન ન થાય તે સંપૂર્ણ ધ્યાન રાખવાનું રહેશે.

૪. વરસાદી પાણીના ભૂંગળા તેમજ ખાળ મોળીનાં પાણીના ભૂંગળા જમીન સુધી ઉતારવાના રહેશે.

૫. મકાનના દરવાજા, શટર્સ, રસ્તા તરફ ખુલ્લે તે પ્રમાણે રાખવાના નથી.

૬. આ પરવાનગીથી ફકત ચણતર કરવાની પરવાનગી મળે છે. કારખાના અથવા મકાનમાં બીજા વિશિષ્ટ હેતુ માટે ઉપયોગ કરતાં મહાનગરપાલિકાની અલગ મંજુરી મેળવવાની રહેશે.

૭. આ પરવાનગીથી જે કામની પરવાનગી મળે છે તે કામે જો બીજા કોઈ ખાતાની પરવાનગી લેવી જરૂરી હશે તો તે મેળવી લેવાની શરતે આ પરવાનગી આપવામાં આવે છે.

૮. આ પરવાનગીથી પોતાની માલીકીની જ જગ્યામાં બાંધકામની મંજુરી મળે છે. આજુબાજુના કોઈ હકક હિતને બાધ આવશે તો તેની જવાબદારી અરજાદરની રહેશે.

૯. આ બાંધકામ પરવાનગી તથા મંજુર થયેલ પ્લાન મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ શાખાના અધિકૃત ઓફીસરશ્રી/કર્મચારીને સ્થાનિકે ચેક કરવા બતાવવાના રહેશે.

૧૦. દરેક કિચન દીઠ એક વૃક્ષ વાવવાનું રહેશે.

૧૧. બાંધકામ શરૂ કરવાની સાથે પરવાનગી નંબર તારીખ તથા આર્કીટેકટશ્રીનાં નામ નિર્દેશવાળું સ્પષ્ટ મોટા અક્ષરથી બોર્ડ બનાવી ફરજીયાત સ્થળ પર રાખવાનું રહેશે.

૧૨. તમારા પ્લોટમાં બોર બનાવીને તેને રીચાર્જ કરવાની સીસ્ટમ કરવાની રહેશે.

૧૩. **અરજદારે સ્થળ ઉપર વિસ્તારના સર્વે નંબર, સીટી સર્વે નંબર, બ્લોક નંબર, સબ પ્લોટ નંબર, વિસ્તાર, માલિક, આર્કિટેકટ, એન્જીનીયર, ડેવલપર વિ. નું નામ, બાંધકામ પરવાનગી નંબર, તારીખ, પ્રોજેકટનું નામ તથા તેને સંલગ્ન વિગતો દર્શાવતું બોર્ડ સ્પષ્ટ અને સુવાચ્ય ગુજરાતી ભાષામાં ફરજીયાત પણે મુકવાનું રહેશે.**

૧૪ **સ્માર્ટ સીટી અંતર્ગત બાંધકામ શરૂ કરતા પહેલાં સ્થાનીકે કામ કરતા મજુરો માટે હંગામી ટોયલેટ (સાત મજુર દીઠ એક) માલીકીની હદમાં બનાવવાનું રહેશે, તથા રોગચાળો ફેલાય નહી તે અન્વયે તકેદારી રાખવાની રહેશે, અન્યથા બાંધકામ પરવાનગી રદ ગણાશે.**

૧૫ ‘‘રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ની કલમ–૩ની જોગવાઈ મુજબ, રાજ્યમાં કોઈપણ વિકાસકાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી, રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથરીટી (રેરા)ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી.’’